## જન્મદિને વધામણી



**બળદેવભાઈ કેશવલાલ સુથાર**
રાજ્ય, રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક
એવોર્ડી શિક્ષક
મો. ૯૮૯૮૫ ૮૭૩૪૦



**આયુષી કે કોન્ટ્રાક્ટર**
મો. ૯૬૦૧૨ ૫૩૬૧૩

## વાચકોને વિનંતી

'જન્મદિને વધામણી' વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાના જન્મદિને પ્રગટ કરવા તસવીર મોકલાવી શકે છે, પરંતુ આ તસવીર જન્મદિવસ હોય તે અગાઉના દિવસે બપોરે ૧ વાગ્યા સુધી જ સ્વીકારવામાં આવશે. વાચકો ઈચ્છે તો અગાઉથી તસવીર ગાંધીનગર સમાચાર કાર્યાલયને મોકલાવી શકે છે.

-સંપાદક

# ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજમાં સેલ્ફ ડિફેન્સ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૪

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ઉમા આર્ટ્સ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ ખાતે સુરક્ષા સેતુ પ્રૉજેક્ટ અંતર્ગત ગાંધીનગર જિલ્લા પોલીસ દ્વારા વોડાકાઈ કરાટે ડો ઍકેડેમી ગુજરાત તથા સીડબલ્યુડીસીના ઉપક્રમે સ્વબચાવ પ્રશિક્ષણ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું.

૨૦ દિવસની આ શિબિરમાં વોડાકાઈ સંસ્થાના નિષ્ણાત પ્રશિક્ષક સુરજભાઈ તથા મદદનીશ પ્રશિક્ષક દુષ્યંતભાઈ દ્વારા કૉલેજની ૯૩ વિદ્યાર્થીનીઓને સ્વરક્ષણની સઘન તાલીમ આપવામાં આવી હતી.

તાલીમના સમાપનમાં વોડાકાઈ કરાટે સંસ્થાના અરવિંદભાઈ રાણાએ ભાગ લીધેલ તમામ બહેનોને અભિનંદન પાઠવી કરાટેની કળાનો નિયમિત અભ્યાસ કરવા જણાવ્યું હતું. ગાંધીનગર પોલીસ ઈન્સપેક્ટર મિલીબેન જોસેફ દ્વારા તાલીમાર્થીઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. કૉલેજના વાઈસ પ્રિન્સિપાલ ડૉ. પ્રણવ જોષીપુરાએ પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કૉલેજના સીડબલ્યુડીસી ઈન-ચાર્જ પ્રા. ફાલ્ગુનીબેન પટેલ, ફિઝીકલ ડિરેક્ટર પ્રા. હરેશભાઈ પટેલ અને સમિતિના સભ્ય પ્રા. જ્યોતિ પંચાલના સહયોગથી કાર્યક્રમ સફળતાને વર્યો હતો.

# નર્મદા નિગમના કર્મચારી ડી બી પરસાણીનો વિદાય સમારોહ



ગાંધીનગર, તા. ૪

નર્મદા નિગમ મુખ્ય કચેરીની બિલ શાખામાં ફરજ બજાવતા ડી બી પરસાણી વયનિવૃત્ત થતાં તેમનો વિદાય સમારોહ નિગમની મુખ્ય કચેરીમાં યોજાયો હતો. આ વિદાય સમારોહમાં ડી એમ પઠાણ, એસ બી દોશી, વિ જે સાવલિયા તથા અન્ય અધિકારી, કર્મચારીઓ ઉપસ્થિત રહ્યા હતા અને તેમણે ડી બી પરસાણીને નિવૃત્ત જીવન તથા દીર્ઘ આયુષ્ય માટે શુભકામનાઓ પાઠવી હતી. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા મંથન ભટ્ટ, ભરતભાઈ પટેલ, જી સી દરજી, એ જે પટેલ, એચ વી સોની, એમ ડી બેલાણી અને જે એસ વ્યાસે જહેમત ઊઠાવી હતી.

# સૅક્ટર-૮ ખાતે કાર્યરત આદર્શ નિવાસી કન્યા શાળાનો ખેલ મહાકુંભમાં ઉત્કૃષ્ટ દેખાવ

## કૉલેજની વિદ્યાર્થીનીઓ સામે મુકાબલો કરી શાળાની વિદ્યાર્થીનીઓએ તૃતિય ક્રમનું વિજેતાપદ મેળવ્યું

ગાંધીનગર, તા. ૪

ખેલ મહાકુંભ અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકા વિભાગ (બહેનો)ની ખો-ખો સ્પર્ધા ગઈકાલે મહાત્મા ગાંધી વિદ્યામંદિર, સૅક્ટર-૧૬ ખાતે યોજવામાં આવી હતી, જેમાં આદર્શ નિવાસી શાળા (અજા) કન્યા, સૅક્ટર-૮ની બહેનોએ સુંદર દેખાવ કરી તૃતિય સ્થાન મેળવ્યું હતું.

સ્પર્ધા અંતર્ગત અબોવ-૧૬ વિભાગમાં આ ટીમે કૉલેજની બહેનો સામે મુકાબલો કરી તૃતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. શાળાનાં આચાર્યા કુસુમબેને આ વિજેતા ટીમને અભિનંદન પાઠવ્યા હતા.

'બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી'ના બૅનર હેઠળ

# વલસાડ ખાતે રાજ્યકક્ષાની શીઘ્ર નાટક સ્પર્ધામાં ગાંધીનગરના કલાકારો ઝળક્યા




## કરિશ્મા પાટડીયાને શ્રેષ્ઠ અભિનય બદલ પ્રમાણપત્ર

ગાંધીનગર, તા. ૪

વલસાડ ખાતે ૨૯થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન આયોજિત શીઘ્ર લઘુ નાટક સ્પર્ધામાં જી ઈ ક્લબ સંચાલિત ગાંધીનગરની બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સની ટીમે ભાગ લઈ શીઘ્ર નાટકનું સુંદર પ્રદર્શન કર્યું હતું. ટીમમાંથી કરિશ્મા પાટડીયા નામની શહેરની યુવતિને શ્રેષ્ઠ અભિનય બદલ પ્રમાણપત્ર પણ એનાયત કરવામાં આવ્યું હતું.

બ્લ્યૂ બબલ્સ ઍકેડેમીને નીવડેલા અને ખ્યાત લેખક વિહંગ મહેતા દ્વારા તૈયાર કરવામાં આવેલી થીમ સ્પર્ધાના ૩૬ કલાક પહેલાં આપવામાં આવી હતી, જેના આધારે કુંતલ નિમાવત દ્વારા 'ખાંડણિયામાં માથાં રામ' નામક નાટક લખવામાં આવ્યું હતું, જેનું દિગ્દર્શન પણ તેમણે સંભાળ્યું હતું. નાટકનું વિષયવસ્તુ ગરીબની વ્યથાનું હતું.

તા. ૩૧ જાન્યુઆરીના રોજ મોરારજી દેસાઈ હૉલ, વલસાડ ખાતે યોજાયેલા આ નાટકમાં કરિશ્મા પાટડીયા, બ્રિજરાજસિંહ ઝાલા, મૌન સાધુ, સ્મિત બક્ષી અને રાજન નિનામાએ અભિનયનાં અજવાળાં પાથર્યાં હતાં. સંગીત દિવ્યકાન્ત વર્માએ તૈયાર કર્યું હતું, સંગીત સંચાલન સ્મિત બક્ષીએ કર્યું હતું. કુંતલ નિમાવત દ્વારા લાઈટ સંચાલન કરવામાં આવ્યું હતું.

સાંજે ઈનામ વિતરણ સમારોહમાં ઍકેડેમીની ટીમમાંથી કરિશ્મા પાટડીયાના નામની જાહેરાત શ્રેષ્ઠ અભિનયના પ્રમાણપત્ર માટે કરવામાં આવતાં સમગ્ર ટીમે ચિચિયારીઓ અને તાળીઓથી કરિશ્માને વધાવી લીધી હતી. વલસાડનાં પ્રથમ નાગરિક સોનલબેન સોલંકીની ઉપસ્થિતિમાં પારડીના ધારાસભ્ય કનુભાઈ દેસાઈના હસ્તે કરિશ્મા પાટડીયાએ શ્રેષ્ઠ અભિનયના આ પ્રમાણપત્રનો સ્વીકાર કર્યો હતો.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૧**
ઘાયલ વન્સ અગેઈન
૧૨.૩૦, ૩.૩૦,
૬.૩૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩**
સનમ તેરી કસમ
૩.૪૫, ૬.૪૫, ૯.૪૫
ઍરલિફ્ટ
૧.૦૦

**સ્ક્રીન-૪**
સનમ તેરી કસમ
૧૦.૦૦
મસ્તીઝાદે (એ)
૧.૧૫, ૪.૩૦, ૧૦.૦૦
સાલા ખડૂસ
૭.૩૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૫**
ઍરલિફ્ટ
૪.૦૦, ૭.૦૦, ૧૦.૦૦
ઘાયલ વન્સ અગેઈન
૧૦.૦૦
સનમ તેરી કસમ
૧૨.૪૫

# વાચકોને આમંત્રણ

## 'ગાંધીનગર સમાચાર' શરૂ કરે છે 'સંવેદના'

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' શરૂ કરે છે 'સંવેદના' વિભાગ; ખાસ લખવા માગતા વાચકો માટે અને આ માટે તેમને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને ઍડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

આ માસનો વિષય છે : **'મારી મા'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાનાં માતાનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે

# ૭ ફેબ્રુઆરીના રોજ શહેરમાં પુસ્તક પરબ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર ખાતે છેલ્લાં બે વર્ષથી નિયમીત રીતે દર માસના પ્રથમ રવિવારે પુસ્તક પરબ યોજવામાં આવે છે. એ ક્રમમાં આગામી તા. ૭ ફેબ્રુઆરીના રોજ સવારે ૭.૩૦થી ૯.૩૦ દરમ્યાન ઘ-૪ સર્કલ ખાતે ઉદ્યોગ ભવન નજીક આ પુસ્તક પરબ યોજવામાં આવશે.

માતૃભાષા અભિયાન અને આત્મન ફાઉન્ડેશનના સહયોગથી યોજાતી આ પુસ્તક પરબનો હેતુ માતૃભાષા ગૌરવની પ્રવૃત્તિ કરવાનો અને સારાં પુસ્તકોના વાચનનો પ્રયાસ કરવાનો છે. સાથોસાથ પુસ્તકના આદાનપ્રદાનની પ્રવૃત્તિ વિકસે તથા લોકોમાં વાચનની ટેવ કેળવાય તેવો તેનો શુભાશય છે. ગુજરાતનાં વિવિધ શહેરોમાં આવી પુસ્તક પરબ યોજવામાં આવે છે.

આગામી રવિવારે યોજાનારી પુસ્તક પરબનો લાભ લેવા માટે પ્રવૃત્તિના કર્તા કિશોર જીકાદરા, આશા સરવૈયા, પ્રજ્ઞા પટેલ, મૂળજીભાઈ પરમાર, અશોકભાઈ ત્રિવેદી, સંજય થોરાત, રણછોડભાઈ પરમાર, ધુર્જટી પ્રજાપતિ, પ્રશાંત અડાલજા, રમેશચંદ્ર શ્રીમાળી અને દિશાન્ત ગર્ગ દ્વારા પુસ્તક ભાવકોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# રંગપૂજા થિયેટર્સની અફલાતૂન નાટ્ય સ્પર્ધા

રંગપૂજા થિયેટર્સ, વલસાડ દ્વારા ગત તા. ૨૯થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન મોરારજી દેસાઈ હૉલ, વલસાડ ખાતે નવતર પ્રકારની નાટ્યસ્પર્ધા યોજવામાં આવી હતી. અખિલ ગુજરાત અને મુંબઈ એકાંકી નાટ્ય સ્પર્ધાની સાથે સાથે શીઘ્ર લઘુ નાટક સ્પર્ધાનું આયોજન પણ સંસ્થા દ્વારા કરવામાં આવ્યું હતું.

રાજ્યકક્ષાની એકાંકી સ્પર્ધાની સાથે શીઘ્ર લઘુ નાટક સ્પર્ધા પણ યોજાઈ હોય એવો આ પહેલો પ્રસંગ હતો પરંતુ તે એટલો સફળ રહ્યો કે અન્યોનેય આવા પ્રયોગો કરવાની પ્રેરણા થાય.

વલસાડના રહેવાસી રાજ્યના નામાંકિત, સિનિયર કલાકાર સતીષ દેસાઈ રંગપૂજા થિયેટર્સના પ્રમુખ અને આ ઉપક્રમના સ્વપ્નદૃષ્ટા. અને એમની પાછળ રંગપૂજા થિયેટર્સની સૉલીડ ટીમ, જેના પ્રતાપે આ સ્પર્ધા ગુજરાતના ઈતિહાસમાં પોતાનું અમર નામ છોડી શકી.

ત્રણ-ત્રણ દિવસ સુધી સવારથી બપોર સુધી શીઘ્ર નાટક સ્પર્ધા ચાલે અને સાંજથી રાત સુધી એકાંકી સ્પર્ધા ચાલે અને તોય એકપણ ટીમને કોઈ જ તકલીફ ન પડે, એ હોંશે-હોંશે અને ઉત્સાહપૂર્વક નાટક ભજવી શકે એવું તો રંગપૂજા થિયેટર્સ, વલસાડના ઉપક્રમે જ બને !

શીઘ્ર લઘુ નાટકનો પ્રયોગ એકદમ નવો અને એ થયો પણ સચોટ રીતે અને એટલે જ એ ઘણો અસરકારક પણ રહ્યો. પહેલાં નામાંકિત લેખકો જોડે શીઘ્ર નાટક માટે થીમ મંગાવાયાં. એ પછી વલસાડના લેખકોની ટીમે પાંચ દિવસનો વર્કશૉપ યોજી આ થીમ પર ગહન ચિંતન કર્યું, એમાં સુધારા-વધારા કર્યા, જેના પ્રતાપે ૨૯ જેટલાં સુંદર થીમ તૈયાર થયાં. દરેક ટીમને ૨૪ કલાક પહેલાં થીમ આપવાનું નિયત થયું હતું. જોકે, આયોજક ટીમની તૈયારી એટલી સજ્જ હતી કે થીમ દરેક ટીમને ૩૬ કલાક પહેલાં આપી શકાઈ. એ થીમ પરથી નાટકો રજૂ થયાં. પરંતુ, એવાં સુંદર નાટકો રજૂ થયાં કે નિર્ણાયકો પૈકીના એકે તો પોતાના અભિપ્રાયમાં એમ પણ જણાવ્યું હતું કે, 'સ્પર્ધામાં રજૂ થયેલાં કેટલાંક નાટકો એટલી સુંદર રીતે રજૂ થયાં હતાં કે અમને તો ખબર જ ન પડી કે અમે શીઘ્ર નાટકો જોઈ રહ્યા હતા કે પૂર્ણ તૈયારીવાળાં નાટકો !'

આ શીઘ્ર નાટકનું આયોજન પણ અતિ સુંદર. નાટક પૂર્ણ થાય અને પછીનું નાટક પોતાની તૈયારી કરે ત્યાં સુધી નાટકની સમગ્ર ટીમને સ્ટેજના અગ્ર ભાગમાં નોતરવાની. એ પછી થીમના લેખક, નાટકના લેખક અને દિગ્દર્શકનો પરિચય પ્રેક્ષકોને કરાવવાનો અને એમનું પુષ્પથી અભિવાદન કરવાનું. એ પછી દિગ્દર્શકને જ વિનંતી કરવાની કે તે પોતાની સમગ્ર ટીમનો પરિચય પ્રેક્ષકોને કરાવે. પ્રેક્ષકો પણ એવા સુજ્ઞ કે દરેક ટીમને અને દરેક સભ્યને તાળીઓથી અવશ્ય વધાવે જ. નાટકના નાનામાં નાના કલાકારને પણ સન્માન મળે અને પ્રેક્ષકો એને પણ નામથી ઓળખે એવો આ ઉપક્રમ ખરેખર સલામને લાયક !

સવારના ૯ કલાકથી શીઘ્ર નાટકોની સ્પર્ધાનો આરંભ થઈ જાય. એ પૂર્ણ થતાં લગભગ ૧ વાગે. સૌ સાથે મળીને ભોજન કરે અને સાંજે ૪ વાગ્યાથી એકાંકી નાટ્ય સ્પર્ધાનો આરંભ થઈ જાય. આ ઉપક્રમ સળંગ ૩ દિવસ સુધી ચાલ્યો, જે દરમ્યાન ૨૬ લઘુ નાટકો અને ૨૩ એકાંકી નાટકો આ સ્પર્ધામાં રજૂ થયાં અને ૫૫૦ જેટલા કલાકારો વલસાડના ઉત્સાહી સ્ટેજ પર અભિનય કરી શક્યા.

એકાંકી નાટક માટે જે આયોજન




હતું એ પણ ખૂબ ગમ્યું. આટલો મોટો ઉપક્રમ હોય એટલે ખર્ચ પણ થાય જ અને એ માટે સ્પોન્સર પણ શોધવા પડે એ સમજી શકાય એવી વાત છે. સંસ્થાએ કોઈ એક સ્પોન્સરને મોટી રકમનો બોજ આપવા કરતાં સ્પર્ધક દરેક ટીમ માટે અલગ સ્પોન્સર શોધી રાખ્યા હતા અને વખાણવા જેવી વાત તો એ હતી કે માહિતી પત્રકમાં દરેક ટીમના નામ, શહેરના નામ સાથે સ્પોન્સરનાં નામ પણ નોંધવામાં આવ્યાં હતાં. આ માહિતી પત્રક પાછા દરેક પ્રેક્ષકના હાથમાં પહોંચાડવામાં આવ્યાં હતાં. સ્પોન્સર માટે ઘણી જ પ્રોત્સાહક બાબત !

શીઘ્ર નાટકની સ્પર્ધા માટે વધુ એક પ્રોત્સાહક બાબત એ કે જે કોઈ ટીમે શીઘ્ર નાટક સ્પર્ધામાં ભાગ લીધો હોય એ દરેક ટીમમાંથી એક કલાકારને શ્રેષ્ઠ અભિનય માટે પસંદ કરીને પ્રમાણપત્ર એનાયત કરવાનું. અલબત્ત, આ પ્રમાણપત્રમાં કલાકારનું નહીં, પરંતુ એની સંસ્થાનું નામ લખેલું હોય, પરંતુ ઈનામ વિતરણ સમારોહ અંતર્ગત જાહેરમાં એના નામનો ઉલ્લેખ કરીને કલાકારને અતિથિઓના હસ્તે આ પ્રમાણપત્રો એનાયત કરવામાં આવ્યાં હતાં. આ રીતે શીઘ્ર લઘુ નાટક રજૂ કરનાર દરેક ટીમના એક કલાકારને તો પ્રમાણપત્ર મળ્યું જ હતું અને જાહેરમાં ટીમના નામનો, કલાકારના નામનો ઉલ્લેખ થતાં જાણે પોતે ઈનામ જીતી લીધું હોય એવો ઉત્સાહનો માહોલ ઈનામ વિતરણ સમારોહ ટાણે હૉલમાં જોવા મળ્યો હતો.

સૌથી મોટી વાત તો એ કે કોઈપણ નાટક જોવા માટે કોઈપણ પ્રકારની ફી નહીં - ના તો સ્પર્ધકો માટે કે ના તો પ્રેક્ષકો માટે. નાટકનો રસિયો કોઈ અજાણ્યો પ્રેક્ષક પણ આવી ચડે તો આરામથી નાટક નિહાળી શકે એવી બેરોકટોક અને વખાણવા જેવી વ્યવસ્થા, જે આજે નાટકોમાં સામાન્ય જનોનો રસ ટકાવી રાખવા માટે ખૂબ જરૂરી છે.

સ્પર્ધા માટે ટીમ પૂછપરછ કરે ત્યારથી માંડીને તે છેક સ્પર્ધામાં આવી રહે ત્યાં સુધી સતીશભાઈ કે સ્પર્ધાના પ્રૉજેક્ટ ચૅરમેન સમીર દેસાઈનો સતત ફોન સંપર્ક ટીમને જીવંત રાખ્યા જ કરે ને સ્પર્ધામાં પહોંચવા માટે પ્રોત્સાહિત કર્યા જ કરે એ બાબતેય ખાસ યાદ રાખવા જેવી. વળી, આયોજકોની ઉમળકાસભર પરોણાગત પણ યાદગાર ! એકાંકી અને શીઘ્ર નાટક - બંને સ્પર્ધાના સ્પર્ધકો માટે આ અનુભવ યાદગાર બની રહ્યો. ગાંધીનગરમાંથી જી ઈ ક્લબ સંચાલિત બ્લ્યૂ બબલ્સ ઍકેડેમી ઑફ આર્ટ્સની ટીમે આ સ્પર્ધા અંતર્ગત શીઘ્ર નાટક પ્રસ્તુત કર્યું હતું, એના ૭ સભ્યો માટેય આ અનુભવ યાદગાર બની રહ્યો !

રંગપૂજા થિયેટર્સના સૂલઝેલા આયોજન અને સમર્પિત સ્વયંસેવકોની સમગ્ર ટીમને આવા સફળ અને યાદગાર આયોજન માટે સલામ અને અભિનંદન !








શ્રી સ્વામિનારાયણ પોલીટેકનીક, સેક્ટર-૨૨, ગાંધીનગર ખાતે વાર્ષિક ખેલકૂદ ઉત્સવ 'પાવર પ્લે-૨૦૧૬'નું આયોજન કરવામાં આવ્યું હતું. આ ખેલકૂદ ઉત્સવનું ઉદ્ઘાટન કરતાં ટ્રસ્ટી હરિવલ્લભ સ્વામી, રામકૃષ્ણ સ્વામી, અક્ષર પ્રકાશ સ્વામી, પ્રિન્સિપાલ ધર્મેશ વંડરા, હેડ સંજય શર્મા દ્વારા મશાલ પ્રજ્વલિત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ પરેડ અને વિવિધ પિરામીડની પ્રભાવક રજૂઆત કરી હતી. આ ખેલકૂદ ઉત્સવ અંતર્ગત સપ્તાહમાં વિદ્યાર્થીઓ માટે ક્રિકેટ, ફૂટબૉલ, વૉલીબૉલ, બૅડમિન્ટન, ચૅસ, કૅરમ, દોડ અને રસ્સા ખેંચ જેવી સ્પર્ધા યોજવામાં આવશે. ગુરુકુળના વિદ્યાર્થીઓમાં ભણતર સાથે સર્વાંગી વિકાસ અને ખેલદિલીની ભાવના વિકસે તે હેતુસર સંસ્થા દ્વારા આ ખેલકૂદ ઉત્સવનું આયોજન કરવામાં આવ્યું છે.

# સિનિયર સિટીઝન કાઉન્સિલની માસિક બેઠકમાં ડૉ. મિહિરભાઈ જોશીનું પ્રવચન



તસવીર : કાંતિલાલ શર્મા

ગાંધીનગર, તા. ૪

સિનિયર સિટિઝન કાઉન્સિલની જાન્યુઆરી, ૨૦૧૬ની માસિક બેઠકમાં વડનગરના જાણીતા ડૉ. મિહિરભાઈ જોશીનું ગાંધી અને વિનોબાજીના સર્વોદયવાદ અંગે ચિંતનાત્મક પ્રવચન યોજાયું હતું. કાઉન્સિલ ઉપરાંત ગાંધીનગર સાહિત્ય સભાના સભ્યો, પ્રબુદ્ધ નાગરિકો આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા. સાહિત્યકાર અને સિનિયર સિટિઝન કાઉન્સિલના પ્રમુખ ભાનુભાઈ પુરાણીએ ઉપસ્થિત મહાનુભાવોના પ્રશ્નોના ઉત્તરો આપ્યા હતા તથા ઈશ્વર પેટલીકરના સર્વોદયવાદ અને એમની વિચારધારા અંગે વિસ્તૃત જાણકારી આપી હતી.